જા.નં./મા-૫/૨૦૨૨/2361

જિલ્લા શિક્ષણાધિકારી કચેરી
એ/૩,જિલ્લાસેવા સદન-૨,
અઠવાલાઈન્સ,સુરત
તા. ૨૧/૦૧/૨૦૨૨
14/02/2022

પ્રતિ,
આચાર્યશ્રી,
બિન સરકારી અનુદાનિત માં.ઉ.મા શાળાઓ તમામ
જિલ્લો,સુરત

વિષય :- બિનસરકારી અનુદાનિત માધ્યમિક અને ઉ.મા શાળાઓમાં ફરજ બજાવતાં આચાર્યના ઈજાફા બાબત.

સંદર્ભ:(૧)નાણા વિભાગનો તા-૦૫/૦૧/૧૯૬૫નો ઠરાવ.
(૨)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૨૦૦૧/૧૧૦/ગ તા:૧૯/૦૬/૨૦૦૯
(૩)શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૩૦૦૪/૧૧૩૦/ગ તા-૦૩/૧૨/૨૦૦૯
(૪) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૬૫/૬૫૫/ગ તા-૨૯/૧૨/૨૦૧૬
(૫) શિક્ષણ વિભાગના ઠરાવ ક્રમાંક:બમશ/૧૧૨૦૨૦/૧૦૫૨/ગ તા-૩૧/૦૧/૨૦૨૨
(૬)નિયામક શાળાઓની કચરી પત્ર ક્રમાંક:ઘ/પેન-૩/આચાર્ય-પગાર-ધોરણ/૨૦૨૨ ૨૪૭૮-૨૫૧૧ તા-૦૭/૦૨/૨૦૨૨

ઉપરોક્ત વિષય અને વંચાણેલીધેલ સંદર્ભ(૧)-(૬)પરત્વે જણાવવાનું કે, શિક્ષણ વિભાગના તા-૧૯/૦૬/૨૦૦૪ના ઠરાવની જોગવાઈ મુજબજે મદદનીશ શિક્ષકો રૂ.૧૪૦૦-૨૬૦૦ના પગાર ધોરણમાં હોય અને નવ વર્ષ બાદ પ્રથમ ઉ.પ.ધોના પગાર ધોરણમાં હોય અને નવ વર્ષ બાદ પ્રથમ ઉ.પ.ધો(રૂ.૧૬૪૦-૨૦૦૦)મેળવ્યા બાદ જયારે આચાર્ય તરીકે નિમણુક પામે ત્યારે તેઓને અને જે મદદનીશ શિક્ષકોએ કોઈ પણ પ્રકારનું ઉ.પ.ધો મેળવેલ હોય તેવા મદદનીશ શિક્ષકોની આચાર્ય તરીકે નિમણુક પામે ત્યારે તેઓને નાણા વિભાગના ૦૫/૦૧/૧૯૬૫ના ઠરાવ મુજબ એક ઈજાફાનો લાભ મળવાપાત્ર થાય છે.

અત્રેના જીલ્લાના જે આચાર્યશ્રીઓને ઉપરોક્ત શરતને આધીન એક ઈજાફાનો લાભ મળવાપાત્ર હોય તેમને બીડાણમાં સામેલ નિયત ચેકલીસ્ટ મુજબ ૦૨ નકલમાં દરખાસ્ત તૈયાર કરી તા-૨૫/૦૨/૨૦૨૨નાં (શુક્રવારના)ના રોજ ૧૧:૦૦ થી ૨.૦૦ કલાક સુધીમાં અત્રેની કચેરીએ રૂબરૂ જમા કરાવવાની રહેશે.વધુમાં જણાવવાનું કે આ પગારબાંધણી ઓડીટને આધીન રહે તે શરતે મંજુર કરવામાં આવશે.

શિક્ષણ વિભાગના ૧૯/૦૬/૨૦૦૪ ઠરાવની જોગવાઈ અનુસાર જે મદદનીશ શિક્ષકો ઉ.પ.ધો મેળવી આચાર્યના પગાર ધોરણ સમકક્ષ અથવા ઉંચું પગાર ધોરણ મેળવતા હોય અને સીધી ભરતીથી આચાર્ય તરીકે નિમણુક પામે ત્યારે તેઓની ખાસ કિસ્સામાં પગાર અને પગારધોરણના રક્ષણનો લાભ આપવાનો રહે છે. આ રીતે લાભ મેળવતા આચાર્યને તા-૦૫/૦૧/૧૯૬૫ના ઠરાવ મુજબ એક ઈજાફાનો લાભ આપવાનો રહેતો નથી.આચાર્ય કે જેમને માત્ર પગાર અને પગાર ધોરણનું રક્ષણ મળેલ હોય અને પગારબાંધણી કરાવાની બાકી હોય તેમને દરખાસ્ત અત્રેની કચેરીની રજીસ્ટ્રી શાખામાં સત્વરે મોકલી આપવાની રહેશે.

જિલ્લાશિક્ષણાધિકારી
સુરત,જિલ્લો-સુરત

બીડાણ:(૧)આચાર્ય પગાર બાંધણી નક્કી કરવાનું ચેકલીસ્ટ
(૨)શિક્ષણ વિભાગના પત્ર ક્રમાંક:બમશ/૧૧૨૦૨૦/૧૦૫૨/ગ તા-૩૧/૦૧/૨૦૨૨

# આચાર્યની પગાર પાયરી નક્કી કરવા અંગેનું પત્રક   જિલ્લો: સુરત

શાળાનું નામ:                                        તાલુકો:

| ક્રમ | વિગત | માહિતી | | |
|---|---|---|---|---|
| ૦૧ | આચાર્યશ્રીનું નામ | | | |
| ૦૨ | શાળામાં ચાલતા ધોરણો અને વર્ગો | ધોરણ | વર્ગ | |
| | | ૯ | | |
| | | ૧૦ | | |
| | | ૧૧ | | |
| | | ૧૨ | | |
| ૦૩ | શાળામાં ફરજ બજાવતા શિક્ષકોની સંખ્યા | | | |
| ૦૪ | જન્મ તારીખ | | | |
| ૦૫ | આ પહેલાના આચાર્યનું નામ અને છુટા થવાના કારણો | | | |
| ૦૬ | શૈક્ષણિક અને વ્યાવસાયિક લાયકાત | | | |
| ૦૮ | આચાર્ય તરીકે નિમણૂંક થઈ તે પહેલાની નોકરી શાળાનું નામ | | | |
| | સમયગાળો વર્ષ માસ દિવસ | વર્ષ | માસ | દિવસ |
| | | | | |
| ૦૯ | આચાર્ય પગાર પાયરી નક્કી કરવા માટે આધારો | | | |
| | આચાર્ય તરીકેના નિમણૂંક અંગેના ભલામણ પત્ર | | | |
| | શાળા સંચાલક મંડળનો નિમણૂંક હુકમ | | | |
| | રાજીનામાં અંગેનો જિલ્લા શિક્ષણાધિકારીની કચેરી તથા શાળા સંચાલક મંડળનો પત્ર | | | |
| | આચાર્ય તરીકે હાજર થયા અંગેનો રિપોર્ટ | | | |
| | મદદનીશ શિક્ષકનું લાસ્ટ પે સર્ટી | | | |
| | અસલ સેવાપોથી | | | |
| ૧૦ | આ શાળામાં આચાર્ય તરીકે નિમણૂંક/હાજર થયાની તારીખ | | | |
| ૧૧ | આચાર્ય તરીકે નિમણૂંક થતા પહેલા કોઈ ઉચ્ચતર પગાર ધોરણ મળેલ છે કે કેમ? જો હા હોય તો છેલ્લે મેળવેલ ઉ.પ.ધો.ની વિગત | | | |
| | ઉ.પ.ધો. મળ્યા તારીખ | | | |
| | ઉ.પ.ધો. નક્કી થયેલ પગાર ધોરણ | | | |
| | પે મેટ્રીક્ષ લેવલ | | | |
| | ઉ.પ.ધો. મળતાં નક્કી થયેલ પગાર | | | |
| | ઉ.પ.ધો.માં નિયત થયેલ ઈજાફા તારીખ | | | |
| ૧૨ | આચાર્ય તરીકે નિમણૂંક થતા પહેલા મ.શિ. તરીકે મળતુ પગાર ધોરણ | | | |
| | મૂળ પગાર | | | |
| | ઈજાફા તારીખ | | | |
| ૧૩ | આચાર્ય તરીકે નિમણૂંક/હાજર થયા પછી નક્કી થતો પગાર | | | |
| | મળવાપાત્ર પગાર ધોરણ અને પે મેટ્રીક્ષ લેવલ | | | |
| | સેલ | | | |
| | મૂળ પગાર | | | |
| | આગામી ઈજાફા તારીખ | | | |

સ્થળ:

તારીખ:                                                        પ્રમુખ/મંત્રી